જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૪/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૧૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૩૮૧ લીટર દેશી દારૂ, ૨૦૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૭ બિયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૬૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૧૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૫૧૭/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ ઘનશ્યામ ભગવાનદાસ ઈનામદાર (ઉ.વ.૭૫) (રહે. સત્યમેવ વિસ્ટા સરખેજ–ગાંધીનગર રોડ ગોતા) એ તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૪/૨૦૨૬ થી આજ દીન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૯૭૩૬૨૮૫૦૪ ના ધારકે ઘનશ્યામ ઈનામદાર નાઓને કોલ કરી ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીયા માંથી વાત કરતા હોવાની તેમજ સિનીયર એડવાઈઝર અનુજ અગ્રવાલ નામની ઓળખ આપી "ઘનશ્યામ ઈમાનદાર નાઓના આધારકાર્ડ તેમજ ડોક્યુમેન્ટનો ઉપયોગ કરીને ઘનશ્યામ ઈમાનદારનાઓના નામથી મોબાઈલ નંબર બોમ્બેમાં રજીસ્ટર થયેલ છે અને આ નંબરના ઉપયોગથી મહિલાઓને અશ્લીલ વિડીયો મોકલે છે અને ફોન કરે છે જેથી તમે ગુનેગાર છો અને તમારા મોબાઈલ નંબરનો દુરપયોગ થયેલ છે" તેવુ જણાવેલ તથા મોબાઈલ નંબર ૬૩૯૮૩૫૭૦૮૫ ના ધારકે વિજય ખન્ના નામ જણાવી તથા બીજો મોબાઈલ નંબર +૧૩૩ ૪૩૭૦૮૯૬૧ ના ધારકે બોમ્બે સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન ઓફિસરની ઓળખ આપી ઘનશ્યામ ઈમાનદાર નાઓને ડરાવી, ધમકાવી ડિજીટલ એરેસ્ટ રાખી બનાવટી કરણ શર્મા ઓફિસરના નામથી એરેસ્ટ ઓર્ડર તથા એફ.આઈ.આર. નંબર તથા સ્પેશ્યલ જજ સાહેબની કોર્ટનો બનાવટી પત્ર મોકલી RBI ના પબ્લીક ફંડ એકાઉન્ટમાં કુલ રૂપિયા ૧,૪૩,૪૦,૦૦૦/– આરટીજીએસ દ્વારા ટ્રાન્સફર કરાવડાવી તેમજ તે રૂપિયાનું સુપ્રીમકોર્ટ દ્વારા ચેકિંગ પુરૂ થતા બધી રકમ પરત ૪૮ થી ૭૨ કલાકમાં પરત મળી જશે તેમ કહી નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ સાયબર ક્રાઈમ પો.ઈ.શ્રી જે.પી.ઠાકોર ચલાવે છે.

ખોખરાઃ આકાશ અશોકભાઈ પાંડીલ (ઉ.વ.૩૩) (રહે. શ્યામલ પાર્ક રો–હાઉસ રાજેશ પાર્ક સામે ખોખરા) એ તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ આરોપી અમિત યોગેશભાઈ ભાવસાર (રહે. મુરલીધર હાઈટ્સ "ડી" માર્ટ પાછળ હંસપુરા નરોડા) નાઓ આકાશ પાંડીલ પાસેથી ક્રિયા કેરેન્સ તથા મહેન્દ્રા સ્કોરપીયો ગાડીઓ માસીક ભાડા પેટે લઈ જઈ આજદીન સુધી ભાડા પેટે બાકી નીકળતા કુલ રૂપિયા ૫,૩૦,૦૦૦/– નહી આપી તેમજ સ્કોર્પીયો ગાડી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એ.ઝાલા ચલાવે છે.

લુંટઃ– **સમાચાર ચાદી નં.૫૧૮/૨૦૨૬**

એલિસબ્રિજઃ જશવંતભાઇ કાનજીભાઇ સોલંકી (ઉ.વ.૬૦) (રહે. સિધાર્થ કોલોની હુડકો ફ્લેટ મહાદેવ મંદિરની બાજુમા જુના વાડજ) એ તા.૧૦/ ૦૪/ ૨૦૨૬ ના રોજ એલિસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૬ સવારના ૦૫/૧૫ વાગ્યાના સુમારે જસવંતભાઈ સોલંકી નાઓ પાલડી ચાર રસ્તાથી શટલ ઓટોરિક્ષામાં બેઠા હતા દરમ્યાન ઓટોરીક્ષા ચાલકની મદદગારીથી ઓટોરીક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ જસવંતભાઈ સોલંકીને પકડી રાખી છરી બતાવી છરી મારવાનો ભય બતાવી ડરાવી ધમકાવી જસવંતભાઈ સોલંકી પાસેથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– કઢાવી મેળવી લઈ જસવંતભાઈ સોલંકી નાઓને એલિસબ્રિજ દેવનંદન મોલ નજીક રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અમરતભાઇ મગનભાઇ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૫૧૯/૨૦૨૬**

નિકોલઃ હાર્દિક હરીશકુમાર શર્મા (રહે. ભગીરથ વિલા કઠવાડા જી.આઈ.ડી.સી.રોડ નંબર–૮ કઠવાડા નિકોલ) એ તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૬ સવારના ૧૧/૩૦ થી તા.૦૯/૦૪/૨૦૨૬ બપોરના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬,૬૩,૬૮૫/– અને રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૪,૬૩,૬૮૫/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

ઇસનપુરઃ હિરેનભાઇ અંબાલાલ મોદી (રહે. લલીતા સોસાયટી ઠક્કર ડેરી સામે ઇસનપુર) એ તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૬ કલાક ૧૨/૦૦ થી તા.૦૫/૦૪/૨૦૨૬ કલાક ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૨૨,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.એસ.પઠાણ ચલાવે છે.

કાગડાપીઠઃ મંજુલાબહેન વા/ઓ લક્ષ્મણભાઇ પારધી (ઉ.વ.૬૧) (રહે. મધ્યમ વર્ગ સોસાયટી ભુલાભાઇ ચાર રસ્તા કાંકરીયા રોડ) એ તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ થી સાંજના ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી પીત્તળ ધાતુની સાંકળ નંગ–૪, તથા જુના સોના–ચાંદીના દાગીના, ડૉલર અને રોકડ રૂપિયા ૭,૦૦૦/– મળી કુલ રૂપિયા ૭૭,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એસ.સોલંકી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૫૨૦/૨૦૨૬**

એરપોર્ટઃ અનુજભાઈ જીતેન્દ્રભાઈ સોની (રહે. અર્જુન સ્કાયલાઈફ સાઈન્સ સિટી રોડ સોલા) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૪/૨૦૨૬ કલાક ૦૭/૦૦ વાગ્યાના સુમારે એરપોર્ટ સરદાર પટેલ બાવલાની બાજુમાં ખુલ્લી જગ્યામાં આવેલ શેડમાંથી એલ્યુમિનીયમ સેકશનની પટ્ટીઓ કિમત રૂપિયા ૬૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૫૨૧/૨૦૨૬**

"એન" ડિવિઝન ટ્રાફિક પો.સ્ટેઃ– ગણેશ કૃષ્ણલાલ રોત (ઉ.વ.૨૦)(રહે. ભઠ્ઠીપુરા હેબતપુર ગામ અમદાવાદ શહેર મુળ વતન વોર્ડ નં–૧ માળીફળા મુ.પો. હિરતા તા.જી. ડુંગરપુર રાજસ્થાન) તા.૧૦/૦૪/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા હેબતપુર અનંતબાગ વીલા સામેના રોડ ઉપર પોતાની મોટર સાયકલ ચલાવી પસાર થતા હતા ત્યારે એક સફારી કાર નંબર જીજે–૦૨–ડીપી–૧૪૧૧ ના ચાલક સત્યમ ધીરજલાલ પડંયાએ બેદરકારી અને ગફલતભરી રીતે કાર ચલાવી લાવી મોટર સાયકલને ટક્કર મારતા ગણેશ રોતને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મરણજનાર ગણેશના પિતા કૃષ્ણલાલ લક્ષ્મણભાઇ રોતએ "એન" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.ડી.સોઢા ''એન'' ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશનનાઓ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૫૨૨/૨૦૨૬**

સેટેલાઈટઃ ઘનરાજ ભાણાજી મીણા (ઉ.વ.૨૭) (રહે. રાજીવનગર વિભાગ–૬ સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૬ રાતના ૧૧/૫૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સંદિપભાઇ અંબારામભાઇ ચલાવે છે.

સેટેલાઈટઃ મંથન જયેન્દ્રભાઇ કંટારીયા (ઉ.વ.૨૬) (રહે. મલબાર હિલ્સ પ્રેમચંદનગર રોડ વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૬ રાતના ૯/૧૫ વાગ્યા પહેલા રહેણાંક નજીક આવેલ મોન્ડેલ હાઇટ્સના સોળમાં માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સંદિપભાઇ અંબારામભાઇ ચલાવે છે.

શાહીબાગઃ શાહીબાગ રાધાકૃષ્ણ મંદિરની પાછળ સાગર એપાર્ટમેન્ટ ખાતે વિકાસભાઇ મહેતા નાઓના સગીર વયના પુત્રએ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૬ સાંજના ૦૮/૪૨ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.ડી.રહેવર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી